અપીલ અરજી નં.૧૫૦/ ૦૮–૦૯ તા.૨–૯–૦૮

અરજદારઃ શ્રી ગુલામયાસીન અબ્દુલરઝાક મલેક
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામયાસીન અબ્દુલરઝાક મલેકની તા.૩૧–૭–૦૮ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૫૯૨,૧૫૯૩,૧૫૯૪,૧૫૯૫, ની જમીન પર કરેલા બાંધકામનો પ્લાન તથા રજાચીઠ્ઠીની નકલ આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામયાસીન અબ્દુલરઝાક મલેકની તા.૩૧–૭–૦૮ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૧૫૯૨,૧૫૯૩,૧૫૯૪,૧૫૯૫, ની જમીન પર કરેલા બાંધકામનો પ્લાન તથા રજાચીઠ્ઠીની નકલ આપવા બાબતે આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પત્ર નં.સે.ઝોન/આ. ૬૧૬ તા.૨૭–૮–૦૮થી આપેલ જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૪ તા.૧૦–૯–૦૮ થી આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આરટીઆઈ/સે.ઝોન/આ.નં.૭૨૨ તા.૧૯–૯–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે અરજીમાં માંગ્યા મુજબની વોર્ડ નં.૭ નોંધ નં.૧૫૯૨ થી ૧૫૯૫ ની જમીન પર કરેલ બાંધકામ પ્લાન તથા રજાચિઠ્ઠી રેકર્ડ તપાસતાં કોઈ વિગતો મળેલ નથી જે અરજદારે અપીલ અરજીમાં માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતીના ઈન્કાર માટે કલમ–૮ કે કલમ–૧૧ હેઠળના અપવાદ પૈકી કોઈ અપવાદ અરજદારને જણાવેલ નથી કે દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે વાજબીપણું જણાવેલ નથી.

સદર બાબતે તા.૨૩–૧૦–૦૮ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર હહાજર રહેલ ન હતાં. જયારે જાહેર માહિતી અધિકારી વતી ડે.ઈજનેર સેન્ટ્રલ ઝોન હાજર રહીને જણાવેલ સેન્ટ્રલ ઝોન સને ૧૯૯૩–૯૪ ના વર્ષમાં કાર્યરત થયેલ છે જયારે માહિતી ૧૭ વર્ષ જુની છે જે અત્રેના રેકર્ડ ચકાસણી કરતાં ઉપરોકત પ્લાનની મંજુરી અંગેની કોઈ વિગતો મળેલ નથી. વધુમાં સુનાવણી વખતે ઉપસ્થિત રહી સદર બાબતે શહેરી વિકાસ મધ્યસ્થમાં તપાસ કરવા જણાવેલ ત્યાં પણ તપાસ કરતાં સદર રેકર્ડની માહિતી મળેલ નથી તેવું મૌખિક જણાવે છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારનીતા.૩૧–૭–૦૮ની અરજીથી માંગ્યા પૈકીની કોઈ વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બાંધકામ મંજુર પ્લાન અંગે અત્રે ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં પ્લાનની મંજુરી બાબતે કોઈ વિગતો મળેલ ન હોવાના કારણસર આપેલ નથી જે ધ્યાને લઈ દફતર આધારીત હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે કલમ–૧૧ ની પ્રક્રિયા અનુસરી પૂરી પાડવા તથા અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય ફાળવી કચેરી સમય દરમ્યાન દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી ઈન્સ્પેકશન પુરું પાડવા અને તે પૈકી માંગે તે નકલો પૂરી પાડવા તેમજ તે અંગેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામયાસીન અબ્દુલરઝાક મલેક,